# વીર ગુરુગઈયન

દક્ષિણ ભારતના શહેર તાંજોર પાસે એક નગર છે, નામ તેનું અથિનાદા. આ નગરની નજીક એક ગામ. નાનું એટલું કે માત્ર ૨૦ થી ૨૫ મકાનો. તમામ લોકો પશુપાલન કરે છે. એ ગામે અન્નામલાઈ નામનો એક ખેડૂત રહેતો હતો. રહેવા કાચું મકાન, અન્નામલાઈ પોતાના ઝૂંપડા જેવા મકાનમાં પણ સુખપૂર્વક રહેતો. પશુપાલનના ધંધામાંથી ઘરનું ગુજરાન ચાલ્યા કરતું હતું.

એક ઉનાળે ખૂબ ગરમી પડી. તે દિવસે સાંજના સમયે થોડી બેકાળજીથી અન્નામલાઈના મકાનમાં અચાનક આગ લાગી. જવાળાઓએ એક ઓરડો બાળ્યો. ગરમીની ઋતુ હતી. તેમાં આ આગે આખું મકાન ભરખી લીધું. અન્નામલાઈના કુટુંબમાં ભાગદોડ મચી ગઈ. જે જેવાં હતા તે ત્યાંથી ભાગ્યા. સૌને પોતપોતાનો જીવ બચાવવો હતો. બીજા સભ્યો ક્યાં છે તે તરફ કોઈનું ધ્યાન જ ન હતું.

થોડા સમયમાં કુટુંબના બધાં સભ્યો ભાગી ભાગીને મકાનની બહાર આવી ગયા. આખું મકાન સળગી રહ્યું હતું. ચારે તરફ આગની જવાળાઓ આમ–તેમ, ઉપર નીચે ફેલાઈ રહી હતી. ઘરવખરી સળગી જઈને રાખ થઈ ગઈ હતી. અન્નામલાઈના કુટુંબીઓ પોકે પોકે રડી રહ્યા હતા. આગના પ્રકોપ પાસે કોઈનું કંઈ ચાલે તેમ નહોતું. આખા ગામના લોકો અન્નામલાઈની પાસે એકઠા થઈ ગયા હતા. તમામની ભયભીત નજર સળગતા મકાન પર હતી. એવામાં એક કરુણ ચીસ સંભળાઈ, ‘‘હાય, હાય, મારો દીકરો સર્વરાજ ! તે ક્યાં !?’’ આ ચીસ અન્નામલાઈની પત્નીની હતી. ઘરમાં આગ લાગી કે તરત તે ભાગી નીકળી. તેને પોતાના ૩–૪ વર્ષના સર્વરાજનો વિચાર પણ ન આવ્યો. સર્વરાજ તો તે વખતે ભરઊંઘમાં હતો. મા તો નહિ પણ ઘરના બીજા લોકોનું ધ્યાન પણ બાળક તરફ ન ગયું. ભયે બધું ભૂલવી દીધું.

માતાને પુત્ર સર્વરાજ યાદ આવતાં તે સળગતા મકાન તરફ દોડી પણ બીજા લોકોએ તેને પકડી રાખી. અન્નામલાઈને ખબર પડી કે તેનો નાનો પુત્ર સર્વરાજ સળગતા મકાનમાં રહી ગયો છે ત્યારે તેઓ પણ ભાન ભૂલી સળગતા મકાન તરફ દોડયા, પરંતુ લોકોએ તેમને પકડી રાખ્યા. બીજા સભ્યો સર્વરાજ માટે વિલાપ કરવા લાગ્યા, રડવા લાગ્યા. આ ખબર સૌને પડી ગઈ. અન્નામલાઈનો નાનો પુત્ર સળગતા મકાનમાં જ રહી ગયો છે. રસ્તા પર ભીડ જામી. બાળક સર્વરાજને આગના દરિયા વચ્ચે જઈ બચાવી લેવાનું કોઈનું ગજું ન હતું. ત્યાં અંદર સર્વરાજ ઊંઘમાં મસ્ત હતો. તેને ઘરમાં લાગેલી

આગની કે માબાપના કરુણ રૂદનની કે કુટુંબીઓની અરેરાટીની કશી જ ખબર ન હતી. ગાઢ ઊંઘમાં ડૂબેલાં બાળકને આ ખબર ક્યાંથી હોય ?

અન્નામલાઈના ઘર પાસે જે લોકો એકઠા થયા હતા તેમાં એ....ક બાળક ગુરુગઈયન પણ



હતો. ૧૨–૧૩ વર્ષનો આ છોકરો ગંભીરતાપૂર્વક આગની જવાળાઓ જોઈ રહ્યો હતો. તેણે સાંભળ્યું કે અન્નામલાઈનો નાનો પુત્ર સર્વરાજ મકાનની અંદર જ રહી ગયો છે. તેણે અન્નામલાઈ તથા તેમની પત્નીને કકળતા જોયા. આગમાં જવાનું સાહસ કરી, સર્વરાજને બચાવવા જવાની બીજા કોઈની તૈયારી પણ ન હતી. આ પળે ગુરુગઈયનનું સાહસ ઊકળી ઊઠ્યું. કંઈ પણ પરવા કર્યા વિના સળગતા મકાનમાં તે દોડતોક ઘૂસ્યો. લોકોએ '' ગુરુગઈયન–ગુરુગઈયન'' કહેતા ચીસો પાડી. વાર્યો, પણ કોઈનું કંઈ સાંભળે તે ગુરુગઈયન નહિ. આગ વચ્ચે સળગતા મકાનમાં પહોંચી ગયો. ઓરડામાં ગયો, જોયું તો સર્વરાજ પલંગ પર ભર ઊંઘમાં હતો. અગન જવાળાઓ પલંગને આંબવાનો પ્રયત્ન કરતી હતી, લાંબી ટુંકી થઈ રહી હતી.

ગુરુગઈયન પલંગ પાસે પહોંચ્યોં કે તરત જ સર્વરાજને પોતાના ખભા પર ગોઠવ્યો. જાગી ન જાય તેની કાળજી લઈ ત્યાંથી પાછો ફર્યો. આ બધું જાણે પળ–બે પળમાં બની ગયું. ઓરડો, ઓસરી, ફળિયામાંથી આગ વચ્ચે દોડતો ગુરુગઈયન સર્વરાજને લઈને મકાનમાંથી બહાર આવી ગયો. બાળક સર્વરાજને સહી સલામત રાખી માને સોંપ્યો.

એકત્ર થયેલા લોકોએ ગુરુગઈયનને ખંધોલા પર બેસાડી ફેરવ્યો. તેનો જયજયકાર કર્યો. સાહસ અને વીરતાથી સૌ મુગ્ધ થયા.

■